જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૪/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૩૩/૧૭**

## દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની દારૂ/જુગાર તેમજ મિલ્કત સંબંધી બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) સિનિયર પોલીસ ઇન્સ.સાહેબની સુચના હેઠળ પો.સબ.ઇન્સ.કે.જી.જલવાણી તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન તેઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી સુબાભાઇ ગુલામરસુલ શેખ ઉ.વ.૬૨ રહે : હાજીવાનાના છાપરામાં ગંજશહીદ કબ્રસ્તાનની સામે લકી ચીકન સામે દાણીલીમડા અમદાવાદ શહેરનાને વગર પાસ પરમીટની ગેરકાયદેસર ઇંગ્લિશ દારૂની બોટલો નંગ-૧૪ તથા બિયરના ટીન નંગ-૧૦૩ કુલે કિ.રૂ.૧૭,૭૦૦/ તેમજ તેના કબજાની સ્વીફ્ટ કાર નંબર જીજે.૧.એચ.પી.૨૮૨૧ કિ.રૂ.૫,૦૦,૦૦૦ મળી __કુલ્લે કિ.રૂ.૫,૧૭,૭૦૦/ ના મુદ્દામાલ__ સાથે પકડી લઇ ગેરકાયદેસરની ચાલતી દારૂની પ્રવુતિ શોધી કાઢેલ છે.

(૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" વિભાગ અમદાવાદ શહેર તથા સિનિયર પોલીસ ઇન્સ.સાહેબની સુચના હેઠળ એસીપી "કે" વિભાગ સ્કોડના સ્ટાફના અ.હેડ.કોન્સ વિજયકુમાર રણછોડભાઇ તેમજ બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પો.કો ઇન્દ્રજીતસિંહ ભાવુભા તથા પો.કો વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી (૧) સમીરખાન સ/ઓફ અનવરખાન છોટુખાન પઠાણ ઉ.વ-૧૮ રહે-જુમ્માભાઇના મકાનમા ફેઝલનગર બોમ્બે હોટલ રોયલ બેકરીની બાજુમા ખેડાનાકા દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરી કરી મેળવેલ __હિરો હોન્ડા પેશન મો.સા નં-GJ-01-LM-1450 કિ,રૂ.૨૦,૦૦૦/-__ની મતાની સાથે પકડી લઇ __દાણીલીમડા પોલીસસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૬૫/૧૭ થી ઇપીકો કલમ-૩૭૯ મુજબ__ના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.તેમજ આરોપી (૨) યાસીન ઉર્ફે ગોકુલ સ/ઓફ યાકુબભાઇ મહમંદહુસેન સૈયદ ઉ.વ-૨૧ રહે-બ્લોક નં-૩/૨૦૭ તથા બ્લોક નં-૧૦/૩૦૧ સંતોષનગર કવાટર્સ દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરી કરેલ મેળવેલ __હિરો હોન્ડા પેશન મો.સા.નં- GJ-01-P-6748 કિ,રૂ-૨૦,૦૦૦/-__ ની મતાની સાથે પકડી લઇ __પાલડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૮૬/૧૬ થી ઇપીકો કલમ-૩૭૯ મુજબ__ના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

(૩) સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ.સિરાજમીયા કાલુમીયા તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન સાથેના સ્ટાફના અ.હેડ.કો.કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો.દિલિપસિંહ ગુલાબસિંહનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી સોએબ મુનાવરહુસેન મલેક ઉ.વ.૨૦ રહે : શાહઆલમનગર આલા હજરત મસ્જિદ પાસે બેરલ માર્કેટ અંદર દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરી કરી મેળવેલ __હોન્ડા એકટીવા નં.જીજે.૧.એ.પી.૭૭૮૪ કિ.રૂ.૩૫,૦૦૦/__ ની મતાની સાથે સીઆરપીસી કલમ-૪૧(૧) ડી મુજબ પકડી લઇ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

---



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>નરોડા પોલીસ સ્ટેશનઃ-</u>**

**ચેઇન સ્નેચીગ ના ગુના માં પકડાયેલ આરોપીઓની વધુ પૂછપરછ દરમ્યાન ચાંદખેડા પો.સ્ટે નો ચેઇન સ્નેચીગ ના ગુના ભેદ ઉકેલતી નરોડા પોલીસ**

નરોડા પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૧૦૫/૧૭ ઇપીકો કલમ ૩૭૯ ૩૫૬ ૧૧૪ મુજબ ના ગુના ના કામ ના આરોપીઓ ન.૧ રવિ કનૈયાલાલ બજરંગે ઉવ ૨૦ રહે સીગલચાલી અરુણાબેન ના ઘર ની સામે બંગ્લા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર તથા ન.ર પવન ઉર્ફે શેરુ ઉમાશંકર શુક્લા ઉવ ૨૪ રહે માચીસગલી સીયાપીયા હોટલ ની બાજુમાં કુબેરનગર બી વોર્ડ અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુના ના કામે ટ્રાન્સફર વોરંટ આધારે કબ્જો મેળવી ઉપરોક્ત ગુનામાં તા.૨૦/૪/૧૭ ના કલાક ૨૧/૦૦ વાગે અટક કરવામાં આવેલ અને આ બન્ને આરોપીઓ ઉપરોક્ત ગુના સિવાય કૃષ્ણનગર તથા વાડજ તથા મણીનગર પો.સ્ટે માં ચેઇન સ્નેચીગ ના ગુનામાં પકડાયેલ હોય અને અગાઉ તેઓ નરોડા પો.સ્ટે માં ગાડી ના કાચ તોડી તેમાંથી રોકડ રકમ ચોરી કરવાના ગુના માં તથા ચેઇન સ્નેચીગ ના ગુના માં પકડાયેલ હોય જે રીઢા ગુનેગાર હોય જેથી તેઓની સખ્તાઇ થી વધુ પુછપરછ કરતા તેઆએ ઉપરોક્ત ગુનાઓ સિવાય ચાંદખેડા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન.૬૮/૧૭ ઇપીકો કલમ ૩૭૯ ૩૫૬ ૧૧૪ મુજબના ગુના ની કબુલાત કરેલ છે.અને તપાસ દરમ્યાન ચેઇન સ્નેચીગ ના વધુ એક ગુના નો ભેદ ઉકેલાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)